**રે. દિ. દાવા નં.૨૦૩/૨૦**

**આંક– ૨૫ નું સાંધાણ**

સોગંદઆપ્યા

**વાદી ના વિ.વ.શ્રી તરફ થી આંક–૨૬ વાળી અરજી મુજબ માર્ક ૩/૧ થી ૩/૬ તથા માર્ક ૨૭/૧ થી ૨૭/૫ વાળા આધારોને આંકે પાડવાની રજુઆત કરતા હોય જયારે પ્રતિવાદીનાં વિ.વ.શ્રી તરફ થી પુરવાર કરવાની શરતે આધારો આકે પડે તેમાં વાધો ન હોય જેથી આંક–: ૨૯ થી ૩૯ આપવામાં આવે છે.**

**ઉલટ તપાસ – પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એ. જે. ઠકકર**

આ દાવો મે નરોતમભાઈને જે પાવરનામું આપેલું તેના આધારે તેમણે દસ્તાવેજ કરી નાખતા તેની ખબર પડતા કરેલો. મે કરેલ દાવામાં પ્લોટ નંબર ૧૧૮ પૈકી ૩ છે. હું આ પ્લોટની ચતુદિશા લખાવી શકુ તેમજ માપ પણ લખાવી શકુ છું. પ્લોટ નંબર  ૧ અને ૨ નું માપ ૯૧૮.૨૧ ચો.મીટર અને પ્લોટ નં. ૩ નું માપ ૧૨૮૮ ચો.મીટર છે. આ પ્લોટ ના વેચાણ દસ્તવેજની તારીખ યાદ નથી સાલ યાદ છે તથા કોના પાસેથી લીઘુ તે ખબર છે. સને – ૨૦૦૭ માં  ખરીદ કરેલ  તથા આ પ્લોટ મે ગંગાબેન દાનાના પાવરદાર સી.સી.ગોર પાસેથી ખરીદ કરેલ અવેજ ની રકમ રૂા.૨,૮૫,૦૦૦/– માં લીઘેલ. એ વાત ખરી નથી કે, આ દસ્તાવેજ મારા એકલાના નામે થયેલો. દસ્તાવેજ હિરાલાલભાઈ ,જશુબેન , ગીતાબેન, અને

---
સાહેદની સહી

દર્શાનભાઈના નામે અને મારા નામે કરેલ. એ વાત ખરી છે કે, આ ખરીદીનો અસલ દસ્તાવેજ મારી પાસે નથી. એ વાત ખરી છે કે, દસ્તાવેજની અસલ ફાઈલ નરોતમભાઈને પાવરનામું આપી તેની સાથે આપેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે,પાવરનામું વહીવટ કરવા માટે આપેલું. હું બી.કોમ ભણેલી છું. એ વાત ખરી છે કે, મને લખતા વાચતા આવડે છે અને દસ્તાવેજની ભાષા સમજી શકુ છું. પાવરનામુ મે કરી આપેલું છે હકીકત છે કયા નોટરી સમક્ષ નોંધાયેલ છે તેની મને યાદ નથી. નરોતમભાઈ મારા ભાઈ થાય છે. એ વાત ખરી છે કે, દર્શનભાઈ મારા પિતા પાસે નોકરી કરતા હતા. તે પહેલા વિકાસ બિલ્ડરમાં નોકરી કરતા તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, દાવાવાળા પ્લોટ ઉપર પાર્ટીપ્લોટ ચાલુ છે. એ વાત ખરી છે કે, પાર્ટીપ્લોટ નરોતમભાઈ શંભાળે છે. એ વાત ખરી છે કે, આપાર્ટીપ્લોટ ડેવલોપ પણ તેમણે કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જાણાવે છે કે, પાવરનામાના આધારે. એ વાત ખરી છેકે,પાર્ટીપ્લોટ ચાલુ થયો ત્યાર જ મને જાણ છે. એ વાત ખરી નથી કે, નરોતમભાઈએ મને પાર્ટીપ્લોટનો કોઈ હિસાબ મને આપેલ નથી. એ વાત મને યાદ નથી કે, નરોતમભાઈએ પાવરનામાના આધારે દસ્તાવેજ કરી લીધા બાદ પાર્ટીપ્લોટ ચાલુ કરેલો. પાર્ટીપ્લોટ સને ૨૦૧૭ માં ચાલુ થઈ ગયેલો તે મને યાદ નથી. હું પારસને ઓળખુ છું. એ વાત ખરી છે કે, તેના લગ્ન આ પાર્ટીપ્લોટમાં થયેલા. હું તે લગ્નમાં ગયેલી. એ વાત ખરી છે કે, તે

સાહેદની સહી

સમયે પાર્ટીપ્લોટ ડેવલોપ થઈ ગયેલો. એ વાત ખરી નથી કે, પાર્ટીપ્લોટ કરવાનો મે નિર્ણય મે લીધેલો નથી. એ વાત ખરી છે કે, પાર્ટીપ્લોટનો વહીવટ નરોતમભાઈ સંભાળે છે તેથી આ બધી વિગતે કહી શકે. એ વાત ખરી છે કે, મે કયારેય પાર્ટીપ્લોટો વહીવટ સંભાળેલ નથી.

એ વાત ખરી નથી કે, અમે જે પાવરનામું આપ્યું તેની જાણ મારા પિતાશ્રીને છે. એ વાત ખરી નથી કે, અમારા તમામ પ્લોટો વહીવટ અમારા પિતાશ્રી કરતા હતા. દર્શનભાઈ મારા ધરમના ભાઈ છે. અમે સાથે મોટા થયેલા તેથી ઓળખાણ થયેલી. એ વાત ખરી નથી કે, દર્શનભાઈનું નામ દસ્તાવેજમાં તેમનું નામ ધર્મના ભાઈ હતા તેથી રાખેલું છે. એ વાત ખરી છે કે, વિકાસ બિલ્ડરના નામે મારા પિતા અને તેમના ભાઈઓ ધંધો કરતા હતા. નરોતમભાઈએ મારા પિતા સાથે વોટસોપ ઉપર આ દાવા ના પ્લોટ ના સંર્દભમાં વાત કરેલ નથી. મારા પિતાનું તેમના ભાઈઓ સાથે સાથે મિલ્કત લીધેલી હોય તે બાબતે વિવાદ ચાલે છે તેની મને ખબર નથી. હું પિતાના અક્ષર ઓળખી શકુ. મને અક્ષરો બતાવવામાં આવે છે તે જોઈને કહુ છું કે, તે કોના છે તે કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, મે મારા ભાઈ વિરુધ્ધ ફોજદારી ફરીયાદ દાખલ કરેલી નથી. એ વાત ખરી નથી કે, મારાભાઈ નરોતમભાઈએ પાવરનામાના આધારે દસ્તાવેજ કરેલો તેની જાણ મને કરેલી. એ વાત ખરી છે કે, પાવરનામું મે રદ કરેલું નથી. એ વાત ખરી છે કે, મે મારાભાઈ નરોતમભાઈને આપેલા પાવરનામાના

આધારે કરેલો કામોનો હિસાબ માંગેલો છે. એ વાત ખરી છે કે, તેમણે તમામ હિસાબો કરેલ કામગીરીની વિગતો મને આપેલી છે.

આ પ્લોટ વેચાણ રાખેલ ત્યારે દબાણ હતું અને કેસો ચાલુ હતા તે મને ખબર નથી. મારા લગ્ન ૨૦૦૧ માં થયેલા. એ વાત ખરી નથી કે, પ્લોટ ખરીદ કર્યા બાદ પ્લોટોનું ઘ્યાને દર્શાાગભાઈ રાખતા હતા. એ વાત ખરી છે કે, આ પ્લોટ સબંધમાં રકમ ચુકવાયેલી હોય કે કરારો થયલા હોય તો તેની મને જાણ નથી. એ વાત ખરી છેકે, મારો અને મારા ફેમીલીનો નરોતમભાઈએ કોઈ અણબનાવ નથી કે, સબંધો બગડેલા નથી.

ઉલટ તપાસ પુરી.

ફેર તપાસ નથી.

---

સાહેદની સહી

સાહેદ તથા તેના વિ.વ.શ્રી ચાલુ જુબાનીએ સાહેદની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે અને તેમના વિ. વકીલશ્રીએ અને ઉલટ તપાસ કરનાર વિ. વકીલશ્રી એપ્રુવ કરેલી જુબાનીની પ્રીન્ટ કેસમાં મુકેલ છે. ના. ગુજરાત હાઈ કોર્ટ તરફથી આ અદાલતને તા. ૨૪/૦૭/૧૯ ના રોજ નામદાર પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબ, સુરત મારફત સુચના મળેલ છે કે દરેક સાહેદની જુબાનીઓમાં સાહેદની સહી લેવી. તેથી સાહેદે પોતે આપેલ જુબાની તેણે આપ્યા મુજબ નોંધાયેલ છે તે કબુલ રાખ્યા બદલ તેની સહી કરેલ છે.

પ્રિન્સીપાલ સીની. સીવીલ જજ
ભુજ - જી.જે.૦૦૮૧૪

મારી રુબરુ

તા. ૨૮ – ૧૨ –૨૦૨૨
ભુજ–કચ્છ.

પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
ભુજ–કચ્છ.

---

સાહેદની સહી

સાહેદની સહી